<u>**જાહેરનામું**</u>

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૧૫ /૨૦૧૭,**

**તા.૨૮/૦૪/૨૦૧૭**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૯/૦૪/૨૦૧૭ અને તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૫.૩૦ થી ૨૦.૦૦ દરમ્યાન રીવરફ્રન્ટ વલ્લભસદન ખાતે ગુજરાત ગૌરવદિનની ઉજવણી પ્રસંગે યોજાનાર ભવ્ય માર્ચ પરેડની પ્રેક્ટીસ અને પરેડ અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં તા.૨૯/૦૪/૨૦૧૭ અને તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૫.૩૦ થી ૨૦.૦૦ દરમ્યાન રીવરફ્રન્ટ વલ્લભસદન ખાતે ગુજરાત ગૌરવ દિનની ઉજવણી પ્રસંગે યોજાનાર ભવ્ય માર્ચ પરેડની પ્રેક્ટીસ અને પરેડ માટે નીચે જણાવેલ રૂટ તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

**<u>બંધ રહેવાનો રૂટ</u> :**

(૧) હરિહરાનંદ આશ્રમ રીવરફ્રન્ટ સર્કલ થી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ રોડ થઇ વાડજ સ્મશાન ગૃહ કટ સુધીનો રિવરફ્રન્ટનો માર્ગ

(૨) સુભાષબ્રીજ સર્કલ થી ગાંધીઆશ્રમ થી વાડજ સર્કલ થી ઉસ્માનપુરા તરફ જતો માર્ગ ઉપરોક્ત તારીખ અને સમય દરમ્યાન તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**<u>વૈકલ્પિક રૂટ</u> :**

(૧) સુભાષબ્રીજ સર્કલ થી પ્રબોધરાવળ સર્કલ થઇ પલક ચાર રસ્તા થઇ અખબારનગર સર્કલ થઇ ભીમજીપુરા સર્કલ તરફથી અવર-જવર કરી શકાશે.

(૨) પ્રબોધરાવળ સર્કલથી સુભાષસર્કલ થી શિલાલેખ ચાર રસ્તા થઇ પુર્વ તરફનાં રિવરફ્રન્ટ રોડ થઇ અવર જવર કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૯/૦૪/૨૦૧૭ અને તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૫.૩૦ થી ૨૦.૦૦ દરમ્યાનનાં સમયગાળા સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૮/૦૪/૨૦૧૭ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૨૮/૦૪/૨૦૧૭
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના</u> :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.